અપીલ અરજી નં.૧૪૬ તા.૨૩–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૪–૬–૧૦ની અરજીથી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સુ.મ.પા. તરફથી આરટીઆઈ સે.ઝોન આ.નં.૬૪૪ તા.૨–૯–૨૦૦૮ ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે રહેઠાણવાળા મિલ્કતોમાં ચાલતા જરી કારખાના સબંધે **BPMC** એક્ટ કલમ ૩૧૩ મુજબ નિયમ બનાવવાની કાર્યવાહી તા.૧૪–૧૦–૨૦૦૩ થી શરૂ કરવામાં આવેલ છે તેવુ જણાવેલ છે તો શું ખરેખર નિયમો બનાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ અને જો નિયમ બનાવવામાં આવેલ હોય તો તે તમામ નિયમોની જાણકારી તેમજ નકલ આપવા વિનંતી તેમજ સુ.મ.પા.ને નિયમ બનાવવામાં ૭ વર્ષ શા માટે લાગ્યા લોકોના હિતમાં માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૬/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૪–૬–૧૦ની અરજીથી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સુ.મ.પા. તરફથી આરટીઆઈ સે.ઝોન આ.નં.૬૪૪ તા.૨–૯–૨૦૦૮ ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે રહેઠાણવાળા મિલ્કતોમાં ચાલતા જરી કારખાના સબંધે **BPMC** એક્ટ કલમ ૩૧૩ મુજબ નિયમ બનાવવાની કાર્યવાહી તા.૧૪–૧૦–૨૦૦૩ થી શરૂ કરવામાં આવેલ છે તેવુ જણાવેલ છે તો શું ખરેખર નિયમો બનાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ અને જો નિયમ બનાવવામાં આવેલ હોય તો તે તમામ નિયમોની જાણકારી તેમજ નકલ આપવા વિનંતી તેમજ સુ.મ.પા.ને નિયમ બનાવવામાં ૭ વર્ષ શા માટે લાગ્યા લોકોના હિતમાં માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ./૫૪૩ તા.૨૦–૭–૧૦થી આપેલ માહિતી ખોટી અને સંતોષકારક નથી તેમજ અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા વધુમાં નિયમ બનાવવાના વિલંબ અંગે ખરેખર શું સ્થિતિ છે? કયા તબકકે પડતર છે તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૫૫૧ તા.૨–૮–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૯૨ તા.૧૮–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/આ.નં.૫૪૩ તા.૨૦–૭–૧૦ ની પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૬–૧૦ ની અરજીથી બીપીએમસી એકટની કલમ–૩૧૩ મુજબ નિયમ બનાવવાની કાર્યવાહી તા.૧૪–૧૦–૦૩ થી શરૂ કરવામાં આવેલ છે કે કેમ? જે બાબતે ઉપરોકત વિષય અને સંદર્ભે માંગવામાં આવેલી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેટ્રન્લઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી " રહેઠાણવાળા મિલ્કતોમાં ચાલતા જરી બનાવવાના કારખાના સંબંધે બીપીએમસી એકટની કલમ–૩૧૩ મુજબ નિયમ બનાવવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ નથી વધુમાં આપે પુછેલ પ્રશ્ન માહિતી અધિકાર અધિનિયમમાં સમાવિષ્ટ ન હોય જેથી માહિતી આપી શકાય નહી " તેવું જણાવેલ છે. જેના સંદર્ભે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદાર તરફથી તા.૨૩–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરી અપીલના મુદ્દા નં.(૧) આપવામાં આવેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકાર નથી તેમજ અધૂરી માહિતી મળેલ છે તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.(૨) સેન્ટ્રલઝોનના શહેર વિકાસ, આરોગ્ય, ગુમાસ્તા, કાયદા ઈ.ચા. ડે.કમિ.ના વિભાગ પાસે પણ માહિતી માંગેલ. આ તમામ વિભાગ તરફથી મને કોઈ માહિતી કે જાણકારી આપવામાં આવેલ નથી શા માટે? અપીલના મુદ્દા નં.(૩) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મને જણાવવામાં આવેલ છે કે જે માહિતી માંગેલ છે તે માહિતી અધિકાર અધિનિયમમાં સમાવિષ્ટ કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે પરંતુ કઈ કલમ મુજબ માહિતી અધિકારમાં સમાવિષ્ટ કરવામાં ન આવી તેની કલમ જણાવવામાં ન આવી શા માટે અપીલના મુદૃા નં.(૪) મારી જાણ મુજબ સરકારશ્રી તરફથી રક્ષા તેમજ ક્રાઈમને લગતી માહિતીમાં આપવાની જોગવાઈ નથી બાકી બધી જ માહિતી માહિતી માંગનારને આપવાની હોય છે જેની નોંધ લેવી અને પૂરેપુરી માહિતી આપવા વિનંતી. અપીલના મુદ્દા નં.૫ મે જે માહિતી માંગેલ તે મુજબ નિયમ બનાવવાની શરૂઆત કયા કારણસર ન કરવામાં આવી તેની પણ કોઈ જાણકારી મને આપવામાં ન આવી શા માટે. તેવી રજૂઆત કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પાઠવેલ પ્રત્યુત્તર સે.ઝોન/ આરટીઆઈ/આંન.૬૪૪ તા.૨–૯–૦૮ ના પત્રની નકલ રજૂ કરી અરજદારે રહેઠાણવાળા મિલ્કતોમાં ચાલતા જરી બનાવવાના કારખાના સંબંધે બીપીએમસી એકટની કલમ–૩૧૩ મુજબ નિયમ બનાવવાની કાર્યવાહી તા.૧૪–૬–૦૩ ના રોજ શરૂ કરવામાં આવેલ તેવું જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ તો ખરેખર શું નિયમો બનાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે કે કેમ તેની માહિતી માંગવામાં આવેલ તથા ૭ વર્ષ શા માટે લાગ્યા તેની માહિતી માંગેલ છે. જાહેર માહિતી

અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં જણાવેલ છે તા.૧૪–૧૦–૦૩ ના રોજ દરખાસ્ત કરેલ પરંતુ ત્યાર બાદ કોઈ કાર્યવાહી કરેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા ધ્યાને આવેલ નથી તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે ૭ વર્ષના નિયમ બનાવવા માટે શા માટે લાગ્યા તેવા પ્રશ્ન પુછેલ હોય માહિતી અધિકાર અધિનિયમમાં સમાવેશ થતો ન હોય તેવો પ્રત્યુત્તર આપવાનો રહેતો નથી તેવું જણાવેલ છે પરંતુ તે બાબતે પૂરી વિગત અને સંદર્ભ જણાવેલ નથી. જાહેર સત્તા મંડળ કક્ષાએ હાથ ધરેલ કાર્યવાહીના વિલંબ માટે જે પણ દફતરી વિગત ઉપલબ્ધ હોય તેની જાણ અરજદારને કરવી રહે. આ અંગે બીપીએમસી એકટની કલમ–૩૧૩ જે પ્રકરણ ૧૮ હેઠળ આરોગ્ય જોગવાઈના શિર્ષક હેઠળ છે તે અંગે શિડયુલ એ ના નિયમના પ્રકરણ ૧૪ ના નિયમ–૨૫ હેઠળ આ પ્રકારની જોગવાઈ થયેલ જણાય છે. જે સૂચવે છે કે નિયમો અસ્તિત્વમાં છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૪–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી "નિયમો બનાવવામાં વિલંબ શા માટે " તે અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ વિગતની માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધકારી , (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ